VOL. 4 ISSUE 12 | DECEMBER 2024

# KONNECT

## THE TIMES OF KHADAYATA

410, Yusuf Building, Veer Nariman Point Road, Fort, Mumbai 400001. • Tel.: (022) 2287 5333

KCBF in association with ALTIMA STOCK MARKET ACADEMY

## cordially invites you on for a special seminar dedicated to stock markets



**Bhavin Shah**
CEO, Altima Stock Market Academy

# TOPIC : (M3)

**Mind Management, Money Management & Method**

**Bhavin Shah** is a self-made success in the stock market with over 20 years of experience in the financial sector and 12 years as a stock market trainer.

A dedicated member of the Khadayata community, Bhavin actively participates in various initiatives and holds leadership roles. Through his expertise and community involvement, Bhavin continues to inspire and empower others in their financial and professional journey.

LMs ₹ 500/-
NON LMs ₹ 600/-
NON KHADAYATA ₹ 900/-

**Bank Details: KHADAYTA COMMUNITY BUSINESS FORUM**
**Bank Name : HDFC BANK, Branch: Sion East**
**Acc. No: 50200027873941, IFSC Code: HDFC 0000163**

VALET PARKING

**SATURDAY**
**14th DECEMBER 2024**
6:00 pm onwards

**FLAGS BANQUETS**
PVR Milap, S. V. Road,
Malad West

**FOR REGISTRATIONS: LATA SHAH: 93213 79232 • SANDEEP SHAH: 98203 18422**

## INSIDE

03 - WHY HOUSING IN INDIA IS SO EXPENSIVE?
03 - વિશ્વાસ (Believe) અને વિશ્વાસ (Trust) માં ફર્ક
05 - એક કથા
07 - પઈશ્વરના એંધાણ
09 - સારા અને સજ્જન માણસોએ જીવવું હોય તો ચૂપ રહેવું
11 - સમસ્યાઓ સામે રડીએ નહી પણ લડીએ
12 - WHY KHADAYATA RATNA ?

REVACHEM®
Clean, Care & Hygiene

# REVACHEMICAL PRIVATE LIMITED

AN ISO 9001:2015 & ISO 14001:2015 CERTIFIED COMPANY

+919820361122 officedesk@revachemical.com www.revachemical.com



**Manufacturer of**
Cleaning & Hygiene Chemicals
for Institutions

**We also do**
white label manufacture
for third parties

**Full range of products** Kitchen,
Housekeeping, Laundry, Sanitizers
Personal Care & Disinfectants

**We provide**
complete support for product
& packaging development

Quality
matters



# WHY HOUSING IN INDIA IS SO EXPENSIVE?

*YOGESH K SHAH*

*Do you know that in india, on an average 17% of urban households live in slums? Case of Mumbai is even worse, 41% of Municipal Corporation of Greater Mumbai households live in slums. (This is as per the last census data of year 2011) Access to decent housing is a basic requirement for a good quality of life. Inspite of importance for a good dignified life, housing remains unaffordable for a large section of india's population.Large section of society is living in slums. The Census defines Slums as "residential areas where dwelling are unfit for human habitation by reasons of dilapidation, overcrowding, faulty arrangements and design of such buildings, narrowness or faulty arrangements of street, lack of ventilation, light or sanitation facilities or any combination of these factors which are detrimental to the safety and health ".*

*Considering the seriousness of the problem and its debilitating impact on the well being of the individuals, the Government of India has launched several schemes over the years to address this challenge in rural India where two third of India's population still resides. The Indira Aawas Yojana (IAY) helped to construct around 24 million houses between 1985 and 2012 (as per. Ministry of Rural Development 2013 report). The ongoing Pradhan Mantri Aawas Yojana (PMAY) has been the most ambitious housing scheme to address the urban housing shortage. According to the latest estimate, 7.7 million houses have been completed and 1.5 lakh crores of Central assistant is released from total sanction of 2 lakh crores. Government interventions to alleviate this housing shortage are usually justified since it is commonly understood that the key cause behind these issue is unexpected high land prices that seem to appreciate at unbelievable high rate, making housing unaffordable to many. The prime example of this is Mumbai, which ranks the 18th priciest housing real estate market in the world and ranks 37th in terms of price appreciation globally.*

*As per the standard of housing prices, housing in India will be considered affordable if it costs maximum 4 to 5 times of annual income.This is the benchmark at price-to-Income PTI ratio. India's ratio of PTI is 11.3 and it is more than 10 since last decade. There are many other countries with low PTI in India. It is surprising that United States has PTI of only 3.6, Australia has 7.6 and Germany 9. PTI of more than twice the benchmark value is a serious problem that affects people's quality of life.*

*Further, house prices in major Indian cities like Mumbai and Delhi are generally even higher. In 2019, Mumbai with PTI at 39 was much ahead of cities like Singapore (22) and New York (12). So, obviously we will find similar pattern in rental market of housing. On an average urban expenditure on rent makes up around 6% of monthly household expenditure. But for Mumbai and Delhi this is nearly 19% of the average household expenditure. It is because of this higher cost of housing in big cities that a large population lives in slum.*

*The reason for so expensive housing is the lack of proper land use planning. And also non-implementation of rules and regulations. These ultimately leads to controlled supply of land, which gives rise to less than competitive industry structure. That ultimately enable developers to keep prices high. India ranks very poorly at 50th rank in regulatory and compliance index.*

*It is commonly believed that the real estate offers a safe heaven for unaccounted or unreported income. The reason is, it cannot be stolen, it can accommodate large sums of money. It is relatively easy to park unaccounted income in this sector because of less transparency and nature of land and property market. In India it is reported that investment demand for property is quite high, up to 60% of the total estimated demand for residential real estate in 2012 and 67% in 2018. So this combined presence of non transparent nature of the industry and unaccounted money invested make the housing beyond reach of the common people, especially in urban area.*

# વિશ્વાસ (Believe) અને વિશ્વાસ (Trust) માં ફર્ક

*JAYESH SHAH*

એક વાર બે બહુમજલી ઈમારતોની વચ્ચે બાંધેલા દોરડા પર લાબો વાંસ પકડી એક નટ ચાલી રહ્યો હતો, તેણે પોતાના ખંભા પર પોતાના બેટાને બેસાડી રાખ્યો હતો. હજારો લોકો શ્વાસ રોકીને આ જોઈ રહ્યા હતા. હળવા પગલાથી, તેજ હવાથી ઝઝૂમતો નટ પોતાની અને પોતાના દિકરાની જિંદગી દાવ પર લગાવીને તે કલાકારે અંતર પૂરું કરી લિધું. ભીડ આહ્લાદથી ઉછળી પડી, તાલીઓના ગડગડાટ સાથે સીટીઓ વાગવા લાગી. લોકો તે કલાકારના ફ઼ોટો ખેંચી રહ્યાં હતા, તેની સાથે સેલ્ફી લઈ રહ્યાં હતા. તેનાંથી હાથ મલાવી રહ્યાં હતા અને તે કલાકાર માઇક પર આવ્યો, ભીડ ને બોલ્યો, શું આપને વિશ્વાસ છે કે આ હું ફરીથી પણ કરી શકુ છું. ભીડ એકી અવાજે બોલી, હાં-હાં તમે કરી શકો છો. તેણે પૂછ્યું, શું આપને વિશ્વાસ છે ? ભીડ બોલી ઉઠી, હાં પૂરો વિશ્વાસ છે. અમે તો શરત પણ લગાવી શકીયે છીએ કે તમે સફળતાપૂર્વક તે ફરીથી પણ કરી શકો છો!

કલાકાર બોલ્યો, પૂરે-પૂરો વિશ્વાસ છે ને ? ભીડ બોલી, હાં-હાં પૂરો વિશ્વાસ છે.
કલાકાર બોલ્યો, ઠીક છે, કોઈ મને પોતાનો દિકરો દઈ દો, હું તેને મારા ખંભા પર બેસાડીને દોરડા પર ચાલીશ..!!

ખામોશી, એકદમ શાંતિ, સન્નાટો ફેલાઈ ગયો! કલાકાર બોલ્યો, ડરી ગયા ! હમણાં તો આપને વિશ્વાસ હતો કે હું કરી શકું છું !! અસલમાં આપનો આ વિશ્વાસ (believe) છે, મારામાં વિશ્વાસ (trust) નથી! બન્ને વિશ્વાસોમાં ફરક છે સાહેબ ! આ જ કહેવાનું છે, ઈશ્વર છે, એ તો વિશ્વાસ (believe) છે, ...પરંતુ ઈશ્વરમાં સમ્પૂર્ણ વિશ્વાસ (trust) છે નહી !!! You believe in God but you don't trust him. જો ઈશ્વરમાં પૂર્ણ વિશ્વાસ છે તો ચિંતા, ક્રોધ, તણાવ કેમ!! હંમેશા એક જ યાદ રાખવાનું ઈશ્વર હંમેશા મારી સાથે છે અને આ જ વિશ્વાસ છેલ્લા શ્વાસ સુધી હોવો જોઇએ.

God is always with me. જરા વિચાર કરો અને જીવનના દોરડા પર ચાલો..


EXCEPTIONALS INC
REVIEW YOUR INSURANCE & INVESTMENT PORTFOLIO TODAY WITH THE GLOBAL ACCREDITED EXPERT.
We can help you with:
Insurance Audit
Investment Audit
Tax Planning
Financial Planning
Employer-Employee Schemes
BOOK YOUR APPOINTMENT TODAY
RIMA PARIKH
Certified Financial Planner with 23 years of experience in financial advisory.
AIA GAMA Global Award Winner , 2022.
cfprimaparikh
exceptionalsinc
Contact Us
+91 98204 38268

# એક કથા

***MONICA SHAH***

એક વાર એક રાજાએ તેના વૃદ્ધ સુથારને એક ટેબલ બનાવવાનું કામ સોંપ્યું. રાજાને કોઈ ચોક્કસ પ્રકારનું ટેબલ બનાવડાવવું હતું. સુથારે કહ્યું, 'ચોક્કસ બનાવી આપીશ, પણ મને થોડો સમય આપો.' એટલું કહીને સુથાર લાકડાં લેવા માટે જંગલમાં ચાલ્યો ગયો. છેક ત્રણ દિવસ પછી તે પાછો ફર્યો.

રાજાએ ગુસ્સામાં પૂછ્યું, 'આટલાં ઓછાં લાકડાં લાવવામાં ત્રણ દિવસ લાગે?' સુથારે બે હાથ જોડીને જવાબ આપ્યો, 'ત્રણ દિવસ તો શું, ક્યારેક ત્રણ મહિના પણ લાગે અને ક્યારેક તો ત્રણ વર્ષ સુધી પણ લાકડું ન મળે.'

રાજાએ કહ્યું, 'વિસ્તારથી સમજાવો.'

સુથારે કહ્યું, 'લાકડાં કાપવા માટે સૌથી પહેલાં મારે ઉપવાસ પર ઊતરવું પડે. હું ઉપવાસ કરું તો જ મારી આક્રમકતા ઓછી થાય અને પછી જ મારામાં કરુણા જન્મે. એ કરુણાભાવ સાથે હું જંગલમાં જાઉં. ત્યાં જઈને ધ્યાન કરું. આસપાસ રહેલાં વૃક્ષોની વાઈબ્સ સમજવાનો પ્રયત્ન કરું. એ પછી હું દરેક વૃક્ષ પાસે જઈને વિનમ્રતાથી સવાલ કરું કે હું તમને કાપું તો વાંધો નથીને? વૃક્ષોને કાપતાં પહેલાં હું એમની મંજૂરી મેળવું. જે વૃક્ષ લાકડું આપવા તૈયાર હોય એને જ કુહાડી મારું. જો વૃક્ષ સ્વેચ્છાએ લાકડું આપે તો જ હું લઉં. બાકી વૃક્ષો પર કુહાડી ચલાવનાર હું કોણ?'

જ્યારે આ વાર્તા મેં પહેલી વાર વાંચેલી ત્યારે એનો સાર હું નહોતો સમજી શક્યો. એનું મુખ્ય કારણ એ હતું કે વૃક્ષોની ભાષા વિશે હું અજાણ હતો. વૃક્ષો પણ કમ્યુનિકેટ કરે છે એ વાત મને ત્યારે સમજાઈ જ્યારે વૃક્ષો પર લખાયેલું એક અદ્ભુત પુસ્તક 'The hidden life of Trees' મારા હાથમાં આવ્યું. આધુનિક વિજ્ઞાને પણ હવે એ સ્વીકાર્યું છે કે વૃક્ષો એકબીજાં સાથે અને આપણી સાથે પણ વાતો કરી શકે છે. આધુનિક ઉપકરણોની મદદથી એ જાણવું હવે શક્ય બન્યું છે કે વૃક્ષો ખુશ છે કે દુખી, કપાવવા માટે રાજી છે કે નહીં. સૉફિસ્ટિકેટેડ યંત્ર વડે હવે વૃક્ષોનો 'ECG' કાઢી શકાય છે. સ્ટેથોસ્કોપની મદદથી વૃક્ષોમાંથી આવતા અવાજો અને તેમનો મૂડ જાણી શકાય છે.

કુહાડી કે કરવત લઈને કઠિયારો નજીક આવે ત્યારે વૃક્ષોમાં રહેલો ડર, હવે સાબિત કરી શકાયો છે. વૃક્ષ જ્યારે ભયભીત અવસ્થામાં હોય એ સમયે જો એને કાપવામાં આવે તો એમાંથી બનતું ફર્નિચર નકારાત્મક ઊર્જા અને નેગેટિવ વાઈબ્સ લઈને આપણા ઘરમાં પ્રવેશે છે. હવે પ્રશ્ન એ થાય છે કે આપણા ઘરના ફર્નિચરમાં વપરાયેલું લાકડું વૃક્ષોએ સ્વેચ્છાએ આપ્યું હશે કે ઇચ્છા વિરુદ્ધ એ આપણને કેમ ખબર પડે?

તો આનો જવાબ જૅપનીઝ હાઉસ ફિલૉસૉફીમાં રહેલો છે. એ ફિલોસૉફીનું નામ છે 'વાશીત્સુ'. વાશીત્સુ એટલે ઘરનો એવો એક ઓરડો જ્યાં ફર્નિચર નહીંવત્ હોય. જમીન પર પાથરેલી જાજમ સિવાય એ ઓરડામાં બીજું કશું જ ન હોય. વાશીત્સુને 'ટટામી રૂમ' તરીકે પણ ઓળખાય છે. ટટામી એટલે જાજમ. ટૂંકમાં ઘરમાં રહેલી એવી કોઈ ખાલી જગ્યા જ્યાં બેસવા માટે ખુરશી કે સોફા પણ ન હોય. એ ઓરડામાં જાજમ પાથરીને ફરજિયાત જમીન પર બેસવાનું.

શું થાય એનાથી? વાશીત્સુના કન્સેપ્ટ પાછળનો હેતુ શું છે? તો જવાબ છે માનસિક શાંતિ. જૅપનીઝ ઘરોની આ ફિલોસૉફી એવું કહે છે કે આપણી આસપાસ ફર્નિચર જેટલું ઓછું અને મોકળાશ જેટલી વધારે, મનને મળતી શાંતિ અને ટાઢક એટલી જ વધારે. જપાનમાં વાશીત્સુ ઓરડાનો ઉપયોગ મહેમાનગતિ માટે કે ચા-કૉફી માણતી વખતે રિલેક્સ થવા માટે કરવામાં આવે છે.

ઘરનો એક આખેઆખો ઓરડો ફક્ત વાશીત્સુ માટે આપી દેવો કદાચ આપણા માટે શક્ય ન બને, પણ હકીકત એ છે કે આપણી આસપાસ રહેલી દરેક વસ્તુ આપણા મન અને વિચારો પર પ્રભાવ પાડે છે. ચામડું, લાકડું, કૉટન કે વુલ. સજીવોમાંથી મળતી દરેક વસ્તુ પર એના દાતાની ભાવનાત્મક છાપ રહેલી હોય છે. ક્વૉન્ટમ ફિઝિક્સ પણ હવે એ વાત સાબિત કરી ચૂક્યું છે કે આ આખું જગત ઊર્જા અને તરંગો પર ચાલે છે. એવા સમયે જે જીવોનો ઉપયોગ કરીને આપણે આપણો વૈભવ વધારીએ છીએ એ જીવો સાથેનો વ્યવહાર ફક્ત એકપક્ષીય ન હોઈ શકે.

વૃક્ષના થડ પર પ્રેમથી હાથ ફેરવીને ક્યારેય 'થૅન્ક યુ' કહ્યું છે? જો આ બ્રહ્માંડ તરફથી મળતી ચીજો માટે આપણામાં કૃતજ્ઞતા નથી તો આપણી આસપાસ રહેલી દરેક વસ્તુ આપણને કાયમ ખૂંચતી રહેવાની છે. સારી હોય કે ખરાબ, વાતાવરણમાં ઉત્સર્જિત કરેલી તમામ વાઈબ્સ કોઈ ને કોઈ રીતે પ્રકૃતિ આપણને જ પાછી મોકલતી હોય છે.

વાશીત્સુ એવું સમજાવે છે કે આપણી આસપાસ જેમ-જેમ આપણે પદાર્થોનો ઢગલો કરતા જઈએ છીએ તેમ-તેમ આપણામાં રહેલું ચૈતન્ય ગૂંગળાતું જાય છે. નિર્જીવોથી સતત ઘેરાયેલું સજીવ ચિત્ત મૂંઝવણ અનુભવે છે. એ મોકળાશ માગે છે. ઘરમાં આપણે ગમે તેટલું મોંઘું, આકર્ષક કે લક્ઝુરિયસ રાચરચીલું વસાવી લઈએ, અંતે તો આપણી અંદર રહેલું સજીવ તત્ત્વ વાશીત્સુ જ ઝંખે છે.

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

It's a priority and not an option

## Life Insurance and Health Insurance

consecutive MDRT® for the last 21 YEARS



**Lata Shah**
9321379232
lata_lic@yahoo.com



**Jayesh Shah**
9821379232
jayesh_mf@rediffmail.com

consecutive
• सदस्य • अभिकर्ताओं के लिये अध्यक्ष क्लब • MEMBER • CHAIRMAN'S CLUB FOR AGENTS
for the last 17 YEARS

श्री SHREE INSURANCE

**AUTHORIZED PREMIUM COLLECTION CENTRE: OFF:** 501/41, Ganesh Siddhi Society, Sector 5, Charkop, Kandivali West, Mumbai 400067 • **9833446702**
**RESI.:** A/602, Amruta Bldg., Sector 5, Charkop, Kandivali West, Mumbai 400067



# ઈશ્વરના એંધાણ

***PRATIBHA SHAH***

સાબરકાંઠાના નાના અંબાજી
એવા ખેડબ્રહ્માના નવા બનેલા બસ સ્ટેશન પર ગાડી આવી અને નાનકડા ગામમાં રહેતો સંજય બસ માં ચઢ્યો. આજે ગાંધીનગર ની એક કંપની મા ડિપ્લોમા સિવિલ એન્જિનિયર ની જગ્યા માટે ઇન્ટરવ્યૂ આપવાનો હતો. સંજય ત્રણ વર્ષથી નોકરી ના ઈન્ટરવ્યુ આપતો હતો. કોઈ ચાન્સ મળતો ન હતો.બસના ભાડાના પૈસા ખર્ચવા પણ મોંઘા પડતા હતા. નવા કપડાં પણ એક જોડી હતા. છતાં મને કમને માતાજીને દુરથી બે હાથ જોડીને બસમાં બેઠો. મનોમન આજે છેલ્લા પ્રયત્ન માટે નિર્ણય કર્યો હતો. ચિલોડા ઉતરી ને સિધો ગાધીનગર જવું પણ આ છેલ્લી વાર !!!

ઈડર સ્ટેશન પર થોડી વાર રોકાઈને બસ ઉપડવાની તૈયારી હતી અને બાજુની સીટ પર એક ભાઈ એક માજી ને બેસાડી ને ચાલ્યો ગયો. માજી ખુબ અશક્ત લાગતા હતા, ધીમે થી માજી સીટ ઉપર સુઈ ગયા. માંડ પ્રાંતિજ આવ્યું હશે ને માજી બંધ આંખે માંડ માંડ બબડ્યા ભાઈ કયું સ્ટેશન છે? સંજયે જવાબ આપ્યો પ્રાંતિજ, પરંતુ એના દિલમાં દયા ઉપજી એણે તરતજ ઉભા થઇ ને માજીના કપાળ ઉપર હાથ મુક્યો તો તાવ થી શરીર ધખધખતું હતું.સંજયે પાણી ની બોટલ ખોલીને માજીને પાણી પીવડાવ્યું.

અને પૂછ્યું " માજી તમને બહુ તાવ છે, તમે ક્યાં જવાના છો ? એકદમ ધીમા અવાજે માજીએ કહ્યું " મારી તબિયત સારી નથી રહેતી અને હું ઈલાજ કરાવવા અમદાવાદ જાઉં છું, મારો દીકરો મુંબઈ રહે છે પણ એનો એક મિત્ર નરોડા રહે છે એ મને બેઠકના સ્ટેશન પર લેવા આવવાનો છે " આટલું કહીને તેઓએ ઉલટી કરી સંજય ના કપડાં પણ બગડી ગયા, બીજીવાર પણ ઉલટી કરી અને માજી બેભાન થઇ ગયા, સંજયને સમજ નહિ પડી કે શું કરવું ? એણે માજીના હાથમા નંબર ની ચિઠ્ઠી હતી તે લઈને જોઈ અને નંબર કોઈ નિલેશના નામનો હતો. એણે ચાલુ ગાડીએ પોતાના સાદા મોબાઈલ વડે કોલ કર્યો પણ પેલા ભાઈએ ફોન ઉપાડયો નહિ.બસ તો એક્ષપ્રેસ હતી ચાલવા લાગી થોડી વારમાં ચિલોડા સ્ટેશન આવી ગયું અને સંજય ખુબ વિચારીને બસમા જ બેસી રહ્યો અને મનોમન નક્કી કર્યું કે માજીને નરોડા સુધી મૂકી જવા. સંજયે પોતાનો રૂમાલ કાઢી ને ઠંડા પાણી ના પોતા માજીના માથે મુક્યા.

બસ આગળ ચાલી પછી થોડી વારમાં તેના મોબાઈલ પર રિંગ વાગી, આમતો અજાણ્યો નંબર હતો, ફોન રિસીવ કર્યો તો સામે થી કોઈ ભાઈ નો અવાજ આવ્યો " ભાઈ હું નિલેશ બોલું છું, ફોન સાઈલેન્ટ પર હતો અને હમણાજ તમારો મિસકોલ જોયો. સંજયે કહ્યું કે હું એક પેસેન્જર બોલું છું અને મારા સાથે એક માજી બેભાન થઇ ગયા છે, તેમની ચિઠ્ઠી મા થી મેં ફોન કર્યો હતો હવે હુંજ એમને લઈને નરોડા આવું છું ; આખી વાત નિલેશ સમજી ગયો.નિલેશે કહ્યું " આભાર ભાઈ હું માજીને લેવા નરોડા બેઠક ના સ્ટેશન પર આવી જઈશ". થોડી વાર થઇ એટલે માજી ભાનમાં આવ્યા અને સંજયે દિલાસો આપ્યો." માજી ચિંતા ના કરો, નિલેશનો ફોન આવી ગયો છે અને હું તમને બેઠક સુધી મૂકીને પછી પરત આવીશ ".

ભીની આંખે માજીએ હાથ ઊંચા કરીને મૂક આશીર્વાદ આપ્યા. સંજય વિચારતો હતો કે ફરી પાછો બસ પકડીને પાછો ચિલોડા જઈશ.. એટલામાં બસ નરોડા આવી ગઈ અને ત્યાં નિલેશ પણ આવી ગયો હતો , સંજયે કહ્યું " નિલેશ ભાઈ આપનો પરિચય તો નથી પણ રસ્તામા આ માજી ને એકલા છોડી શકું તેમ ન હતો.એમને વારંવાર ઉલટી પણ થઈ અને તાવથી બેભાન થઇ ગયા હતા..આમ પણ મારે વારંવાર ઈન્ટરવ્યુ થવા છતાં મેળ પડતો નથી આજે છેલ્લા પ્રયત્ન માટે ગાંધીનગર ની એક કંપની મા ઈન્ટરવ્યુ હતું પણ હવે ના પહોંચી શકાય, કપડાં પણ સારા નથી. એટલે તમને મદદ ની જરૂર હોય તો માજી ને ટેકો આપવા દવાખાને આવું, તમને મદદ રૂપ થઈશ.

માજીને હોસ્પિટલમાં દાખલ કરીને સંજય પરત જવા ઊભો થયો કે તરતજ નિલેશે બેસાડયો, ભણતર પુછયું અને ઈન્ટરવ્યુ આપવાનુ હતું એ કંપનીનુ નામ પુછયું. મોબાઈલ થી કોઈકને વાત કરી અને સંજયની સામે જોઈ ને પેલા સામેવાળા ને માત્ર એટલું જ બોલ્યો... આ ભાઈને પગારની જરૂર નથી, એ પણ મારી જેમ એક નવા વરકિગં પાર્ટનર તરીકે કામ કરશે, પગાર હું આપીશ. પછી સામે બેસાડી ને સંજયને કહ્યું " તમારે એપોઈન્ટમેન્ટ લેટરની જરૂર નથી, આવતા મહિનાથી આપણી કન્સટ્રકશન કંપની સાથે જોડાઈ જાઓ ". સંજયને કઈ સમજ ના પડી કે વગર લાગવગે અને વગર ઈન્ટરવ્યૂએ કેવી રીતે સિલેક્ટ થઈ ગયો !! *એ પણ આપણી કંપની શબ્દ ?*

નિલેશે હસતા હસતા કહ્યું જે રીતે તે એક અજાણી માજીની મદદ અને સેવા કરી છે તે ખરેખર બિરદાવવા લાયક છે , જે ઈસમ પારકાંની નિસ્વાર્થ ભાવે આટલી મદદ કરે તે પોતાની કંપની નું કેટલું ધ્યાન રાખી શકે છે તે હું જાણું છું . તારે ગાંધીનગર ખાતે મારા ગૃપમાં પાર્ટનર બનવાનું છે. પગાર પણ આપીશ..... સંજયને બે હાથ ઊંચા કરીને મૂક દુઆ આપતા માજીનો ચેહેરો દેખાયો.

માણસ ને મળતી દરેક વસ્તુ, કાંઈ એની જ મહેનતથી નથી મળતી... ક્યારેક કોઈની અનાયાસે અડચણ વખતે મદદ કરવાથી, અજાણતા કોઈના આપેલ આશીર્વાદ પણ કમાલ કરી જાય છે!!!!..અને આજે પંદર વર્ષમા તો એ સંજય ગાંધીનગર ખાતે વિશાળ સામ્રાજ્ય ધરાવતા બિલ્ડિંગ કન્સટ્રકશન ગૃપનો એકટીવ પાર્ટનર છે.વાત પૂરી કરતાં એની આંખો ભરાઈ આવી...મારીજ ઑફિસ માં બેસીને મને ચા ના પૈસા પણ આપવા ના દિધા અને બોલ્યો ..સાહેબ એ સમય હતો સરકાર અમને સિવિલ એન્જિનિયરને નોકરી માટે ચાન્સ પણ આપતી ન હતી. કંપનીઓ તો ઓળખાણ વગર પગ પણ ના મૂકવા દે.. ..આજે મારી જોડે ઘણા બધા નોકરી કરે છે. આજે ચાર લોકો વચ્ચે મારી ઓળખ બની છે.જાહોજહાલી છે...પણ જો એ દિવસે અજાણ્યા માજીએ ઉલટી કરીને મારા કપડાં પણ બગાડી નાખ્યા હતા તેની ચિંતા કરી હોત તો.......માત્ર એટલાજ એક જોડી સારા કપડાં હતા મારી પાસે ....સમય કયારે આવે એ નક્કી નથી.... ઉપરવાળો જ તક આપે છે એ નક્કી!!!!..

ધન્ય થઈ ગયો હું પણ, આવડા મોટા વ્યક્તિની સફળતાની તકનો ભેદ જાણીને...

"ઈશ્વર આપણી સાથે છે, એનું સૌથી મોટું પ્રમાણ એ છે કે આપણું ધારેલું બધું થતું નથી, પણ જે આપણા હિત અને ભલામાં હોય એજ જેની કૃપાથી થાય છે.. એજ ઈશ્વર "

# Innovative Solutions To Your Laboratory Requirements

NEWTRONIC

- PLC based Control System
- Stand-By Humidity & Cooling
- Highest List Of Alarms
- ICDAS 21 CFR part 11 Software
- Touch Screen Display
- Mobile Alerts
- Audit Support
- Documentation



## WE MANUFACTURE

- Humidity Chambers Reach-Ins Walk-Ins
- Cooling Chambers Reach-Ins Walk-Ins
- Incubators Reach-Ins Walk-Ins
- Ovens
- Deep Freezers Ultra-Low Temp Freezers
- Photo-Stability & Freeze-Thaw Chamber







Established in 1980 | Manufacture Facility of Over 60,000 sq Feet | Exporting to Over 55 Countries | Online Support Services | Globally Available Superior Quality Components | PLC - Based Intelligent Control System | Installation of More than 15,000 Chambers | Execution of single order of Walk-In Chambers worth ₹ 100 Million (USD $ 1.7 Million)

## NEWTRONIC LIFECARE EQUIPMENT PVT. LTD.

NEWTRONIC®
*The name you can trust*

**Corporate Address**: Kanakia Wall Street, A-Wing 612, 6th Floor, Chakala, Andheri-Kurla Road, Near Chakala Metro Station, Andheri (E), Mumbai-400 093, India

**Manufacturing Unit** : Plot No- 1205 & 1206, G.I.D.C. Industrial Estate, Umbergaon - 396171, Dist- Valsad, Gujarat.

Email Id: enquiry@newtronic.in | www.newtronic.in | Contact No.: 022 6853 4600 / +91 82918 21223

# સારા અને સજ્જન માણસોએ જીવવું હોય તો ચૂપ રહેવું

*LATA SHAH*

પહેલી નવરાત્રિએ અમદાવાદમાં ટી સ્ટોલ ઉપર ચા પી રહેલા એક યુવાનની સાથે ભીડમાં એક માણસ ટકરાયો. યુવાને કદાચ ઉશ્કેરાટમાં કોઈ કોમેન્ટ કરી, શાબ્દિક બોલાચાલી થઈ અને જેની સાથે ટકરાયો હતો એ માણસના મિત્રો આવી પહોંચ્યા. હાથોહાથની મારામારી થઈ, જેમાંથી એક માણસે પોતાના જુતામાંથી છરી કાઢીને યુવકના હાથ અને છાતીમાં અનેક ઘા માર્યા...

11મી નવેમ્બરે 23 વર્ષનો વિદ્યાર્થી પ્રિયાંશુએ એક ઝડપભેર જતી ગાડી વિશે કોમેન્ટ કરી, ડ્રાઈવર આગળ જઈને પાછો આવ્યો. મોટર સાયકલ પર ત્યાંથી નીકળી ગયેલા વિદ્યાર્થીઓનો પીછો કર્યો. ગાડીમાંથી બે છરીઓ કાઢીને પ્રિયાંશુ ઉપર હુમલો કરવામાં આવ્યો. ત્યાંથી પસાર થતાં અનેક લોકોને રોકવાનો પ્રયત્ન કરવા છતાં, કોઈ રોકાયું નહીં ! અંતે, 13 વર્ષનાપુત્ર સાથે ત્યાંથી પસાર થઈ રહેલી એક મહિલાએ હોસ્પિટલ લઈ જવાની હિંમત બતાવી, પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલાં જ પ્રિયાંશુનું મૃત્યુ થયું. અને નવાઈની વાત એ છે કે હુમલો કરનાર કોન્સ્ટેબલ નીકળ્યો.

થોડા સમય પહેલાં આવી જ રીતે સ્પિડિંગ કરીને મોટર સાયકલ પર જઈ રહેલા-હેલ્મેટ પહેરેલા બે યુવાનોને રોકવાનો મેં જાતે પ્રયાસ કર્યો. થોડે આગળ જઈને યુવાનો પાછા ફર્યા. ગાડીની આગળ મોટર સાયકલ ઊભું રાખીને કાચ ઉતારવાનું કહ્યું. કાચ ઉતાર્યો ત્યારે એમાંના એક યુવાને હેલ્મેટ ઉતાર્યા વગર કહ્યું, 'આન્ટીજી, નીકલ લીજીએ, વરના જ્ઞાન ભારી પડ જાયેગા.' એમણે હથિયાર તો નહોતું કાઢ્યું, પરંતુ એમના સ્વરમાં જે ધમકી હતી એ ખીસ્સામાં કે જુતામાં પડેલા હથિયારની ગરમીને કારણે જ હોઈ શકે-એ સમજી શકાય એવી વાત છે.

આ ઘટનાઓ તો તાજી છે, પરંતુ આ સિવાય છેલ્લા થોડા સમયથી હાથોહાથની મારામારી, અને હથિયાર કાઢીને હુમલો કરવાના અનેક કિસ્સા આપણે અખબારમાં વાંચીએ છીએ. અત્યાર સુધી આપણે ગુજરાતને એક શાંત અને સલામત રાજ્ય તરીકે વખાણતા હતા, પરંતુ છેલ્લા 10 વર્ષમાં ઉગ્રતા અને હિંસાનું વાતાવરણ વધતું જાય છે. પોલીસની કામગીરી વિશે કોઈ પ્રશ્ન ના જ હોઈ શકે, પરંતુ આ કયા લોકો છે-જે ગુજરાતમાં આવીને અરાજકતા અને ભય ફેલાવી રહ્યા છે ? એક વાત નક્કી છે, આ એવા લોકો છે, જેમને કોઈ કારણ વગર ઝઘડો ઊભો કરીને સામેની વ્યક્તિને શારીરિક નુકસાન પહોંચાડવામાં રસ છે. નાની વાતને મોટી કરીને જનસામાન્યમાં આતંક-ભયનું વાતાવરણ ઊભું કરવું એ જ આવા લોકોનું ધ્યેય છે.

મોડી સાંજે કે રાત્રે ગાડી ચલાવનારને અનુભવ હશે કે મોટર સાયકલ પર-ટુવ્હિલર પર જોખમી સ્ટંટ કરતા ટોળાં આપણને ડરાવવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ કરે છે. બીજી તરફ, મોટેમોટેથી બોલનારા-ઈવ ટીઝિંગ કરનારા 19થી 24ની ઉંમરના છોકરાઓ જાહેરસ્થળોએ શરમજનક પરિસ્થિતિ ઊભી કરે છે. કેટલીકવાર ત્યાં ઊભેલા કોન્સ્ટેબલનું પણ અપમાન થાય છે, અથવા એને પણ ડરાવવા-ધમકાવવાનો પ્રયાસ થાય છે-જેની હું પોતે સાક્ષી છું. આનો અર્થ એવો થાય કે, હવે પછી કોઈને પણ ટોકવા કે રોકવાનો અધિકાર એક સામાન્ય સીધાસાદા નાગરિક પાસેથી ઝૂંટવાઈ રહ્યો છે ? કોઈ અથડાય, સ્પિડિંગ કરે, ગેરવર્તન કરે કે જાહેરમાં છોકરીની છેડતી થાય તો પણ-આપણે કંઈ બોલવાનું નહીં, ચૂપચાપ જોયા કરવાનું-જો હિંમત કરીએ કે કોઈને કંઈ કહેવાનો, રોકવાનો કે ટોકવાનો પ્રયાસ કરીએ તો જાનનું જોખમ થઈ જાય!

'એનિમલ', 'કબીર સિંઘ' જેવી ફિલ્મો જોઈને આજનું યુથ લઘરવઘર રહેતાં-દાદાગીરી કરતાં અને ખોટી વાતને સાચી સાબિત કરવાનો બિનજરૂરી રીતે લોકોને ડરાવતાં શીખી રહ્યું છે. શરાબ અને ડ્રગ્સના રવાડે ચડેલા કેટલાક સંપન્ન, સંભ્રાંત પરિવારના સંતાનો-તથ્ય કે વિસ્મય જેવા બગડેલા છોકરાઓ અન્ય લોકો માટે જીવનું જોખમ બની જાય છે તો બીજી તરફ, મધ્યમ અને નીચલા મધ્યમ વર્ગના કેટલાંક છોકરાઓ બહારથી ગુજરાતમાં કામ શોધવા આવે છે. કાર મિકેનિક કે સામાન્ય મજૂર, વેઈટર જેવી નાની જોબ્સ કરતાં આ છોકરાઓ પીજીમાં-ટોળામાં રહે છે. રિપેર કરવા આવેલું બાઈક કે ગાડી લઈને આવા લોકો મજા માણે છે. સ્પિડિંગ કે બીજા ગેરવર્તન સામે જો કોઈ અવાજ ઉઠાવે તો આવા લોકોનું ટોળું હથિયારનો ઉપયોગ કરે છે.

Laptop wala.com™
Complete Laptop Solution
info@laptopwala.com
81083 66640
BHIM

Together Each Achieve More
TEAM 4986

LIC
Life Insurance Corporation of India

Premal Parikh
INSURANCE ADVISOR

*The Name You Can Trust, Save Money, Live Better!*

**Why is insurance needed?**

- For a better tomorrow
- Security for loved ones
- Child's Future Needs / Education /Marriage
- Holding your head high in preparation for retirement
- Security against housing and business loans

**Services for all insurance needs including-**

- Premium collections
- Nomination changes for policies
- Name and address change
- Maturity claims
- Death claims
- Arrangement of loans on existing policies

*and many more....*

26/A, Khetwadi 3rd Lane, 2nd Floor,
Opp. Tara Bhuvan Bldg., Mumbai - 4.
Tel.: 2309 4350 • Mob.: 9820999056
Email : premal0209@yahoo.com



Eminence
PAPER SOLUTIONS

KNOWN FOR
QUALITY

**PAPER POUCHES**
Paper Pouches- Food Grade

**MONOCARTON BOXES**
Pharma Mithai Cosmetic

**PAPER BAGS**
Shopping Paper Bags
Luxury Paper Bags

**PAPER ENVELOPES**
Paper Courier Bag Envelopes

**ADDRESS:**
EMINENCE PAPER SOLUTIONS
C/152, Ghatkopar Industrial Estate, L.B.S. Marg,
Behind R-City Mall, Ghatkopar West, Mumbai - 400 086.

**DIAL US :**
PAARTH SHAH
+91-9920003042 / +91-7021056225

# સમસ્યાઓ સામે રડીએ નહી પણ લડીએ

***PURVI BHALAVAT***

એકવાર ભગવાન શ્રીકૃષ્ણ, મોટાભાઈ બલરામ અને સાત્યકી (સાત્યકી દ્વારકાનો બહુ મોટો યોધ્ધો હતો) સાથે જંગલમાં ફરવા માટે નીકળ્યા. વાતો કરતા કરતા જંગલમાં ખુબ દુર સુધી પહોંચી ગયા. જંગલ એવુ ગાઢ હતુ કે એ લોકો પાછા વળતી વખતે રસ્તો જ ભૂલી ગયા. બહાર નીકળવાનો રસ્તો શોધતા સાંજ પડવા આવી પણ રસ્તો મળતો નહોતો. શ્રીકૃષ્ણએ કહ્યુ, "સાંજ ઢળવા આવી છે માટે હવે રસ્તો શોધવાનુ બંધ કરીએ અને જંગલમાં જ રાતવાસો કરીએ. સવારે સૂર્યોદય થાય ત્યારે રસ્તો શોધીશું કારણકે જો અત્યારે રસ્તો શોધીશુ તો અંધારાને કારણે ઉલટાના વધારે ગુંચવાઈ જઈશુ.

સાત્યકિએ શ્રીકૃષ્ણની આ વાતનો વિરોધ કરતા કહ્યુ, "માધવ, આપની વાત સાચી છે કે રાત્રે રસ્તો શોધવાને બદલે અહીંયા જ રાતવાસો કરીએ પણ શું આપ એ નથી જાણતા કે આ ગાઢ જંગલમાં બ્રહ્મરાક્ષસ રહે છે જે માણસોને મારી નાખે છે ?" શ્રીકૃષ્ણએ હસતા હસતા કહ્યુ, "સાત્યકી, એ તો મેં પણ સાંભળ્યુ છે પણ આપણે ત્રણે સારા યોધ્ધાઓ છીએ અને બ્રહ્મરાક્ષસની સામે લડવા માટે સક્ષમ છીએ. રાત્રે આપણી સલામતી માટે આપણે એવું નક્કી કરીએ કે રાતના ત્રણ સરખા ભાગ કરીને ત્રણે વ્યક્તિ જાગવાનો વારો કાઢીએ. એક જાગે અને બાકીના બે સુતેલાની રક્ષા કરે." સાત્યકી અને બલરામ બંનેને શ્રીકૃષ્ણની આ વાત ગમી.

જાગવાનો સૌથી પહેલો વારો સાત્યકીનો હતો. શ્રીકૃષ્ણ અને બલરામ ઘસઘસાટ ઉંઘી રહ્યા હતા. થોડો સમય થયો અને બ્રહ્મરાક્ષસ આવ્યો.સાત્યકીએ એની સાથે લડાઈ શરુ કરી. સાત્યકી બ્રહ્મરાક્ષસને બરોબરની ફાઈટ આપતો હતો. આ દ્વંદયુધ્ધમાં બંને એકબીજાને મારી રહ્યા હતા. જ્યારે સાત્યકીને વાગે એટલે એ દર્દની ચીસ પાડે એનું પરિણામ એ આવે કે સાત્યકીની ચીસથી બ્રહ્મરાક્ષસનું કદ મોટુ થાય અને કદ મોટું થવાથી હવે પછી આવનારા મુક્કાની તાકાત વધી જાય.

સાત્યકી બ્રહ્મરાક્ષસના મુક્કા ખાઈખાઈને અધમુવો થઇ ગયો. સાત્યકીનો જાગવાનો સમય પુરો થયો એટલે એમણે તુરંત જ બલરામને જગાડયા. હવે બલરામે આ રાક્ષસ સામે લડાઈ લડવાની હતી. પરંતું બલરામે એ જ કર્યુ જે સાત્યકી એ કર્યુ હતુ. બલરામને પણ વાગે એટલે દર્દની ચીસ પાડે અને એનુ પરિણામ એ આવે કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ મોટુ થાય. બલરામ પણ લડી લડીને થાક્યા કારણકે પેલા બ્રહ્મરાક્ષસનું કદ સતત વધી રહ્યુ હતુ.

બલરામનો લડવાનો સમય પુરો થયો એટલે એમણે શ્રીકૃષ્ણને જગાડ્યા.
શ્રીકૃષ્ણએ બ્રહ્મરાક્ષસ સાથેની આ લડાઈમાં નવી વ્યુહરચના અપનાવી. પોતાને જ્યારે તક મળે ત્યારે પેલા રાક્ષસને બરોબરનો મારી લે અને રાક્ષસ મારે ત્યારે પોતાને વાગે છતા વાગ્યાના દર્દની ચીસ પાડવાના બદલે ઉલટાનું તેની સામે જોઈને ખડખડાટ હસે. એનું પરિણામ એ આવ્યુ કે પેલા બ્રહ્મરાક્ષસનું કદ નાનુ થવા લાગ્યુ અને થોડા સમયની લડાઈમાં એનું કદ નાની પુતળી જેવું થઇ ગયું. પછી કૃષ્ણએ બહુ જ આસાનીથી પેલા પુતળી જેવા બ્રહ્મરાક્ષસની ગરદન મરડીને મારી નાખ્યો અને શાંતીથી સુઇ ગયા.
*સામાન્ય લાગતો આ પ્રસંગ ખુબ મહત્વનો સંદેશો આપી જાય છે. આપણા બધાના જીવનમાં પ્રશ્નો , પડકારો અને સમસ્યાઓ રૂપી બ્રહ્મરાક્ષસ આવે છે. આ પ્રશ્નો , પડકારો અને સમસ્યાઓ સામે આપણે જેટલા રડયા રાખીએ એટલું જ એનું કદ વધતું જાય અને એક સમય એવો આવે કે એ આપણને મારી નાખે- ખલાસ કરી દે. પરંતું જો આ પ્રશ્નો , પડકારો અને સમસ્યાઓ સામે હસતા રહીએ તો એક સમય એવો આવે કે એનું કદ નાની પુતળી જેવું થઇ જાય અને આપણે એને મારી શકીએ*.

આપણા શરિરમાં જ્યાં સુધી શ્વાસ ચાલતો રહેશે ત્યાં સુધી સમસ્યાઓ પણ રહેવાની જ છે. આ સમસ્યાઓથી ડરવાની નહી લડવાની જરુર છે. જે લોકો સમસ્યાઓ સામે લડી શકે છે એ ગમે તેવી મોટી સમસ્યા કે પ્રશ્નને પણ ધીમે ધીમે નાનો બનાવીને છેવટે તેના પર વિજય મેળવી લે છે.

———————

" નિરાસાવાદ વિધ્વંશને નોતરે છે. નિરાસા એક મોત છે, રિબાવી રિબાવીને મારતુ મોત."

નિલેશે હસતા હસતા કહ્યું જે રીતે તે એક અજાણી માજીની મદદ અને સેવા કરી છે તે ખરેખર બિરદાવવા લાયક છે , જે ઈસમ પારકાંની નિસ્વાર્થ ભાવે આટલી મદદ કરે તે પોતાની કંપની નું કેટલું ધ્યાન રાખી શકે છે તે હું જાણું છું . તારે ગાંધીનગર ખાતે મારા ગ્રુપમાં પાર્ટનર બનવાનું છે. પગાર પણ આપીશ..... સંજયને બે હાથ ઊંચા કરીને મૂક દુઆ આપતા માજીનો ચેહેરો દેખાયો.

માણસ ને મળતી દરેક વસ્તુ, કાંઈ એની જ મહેનતથી નથી મળતી... ક્યારેક કોઈની અનાયાસે અડચણ વખતે મદદ કરવાથી, અજાણતા કોઈના આપેલ આશીર્વાદ પણ કમાલ કરી જાય છે!!!!..અને આજે પંદર વર્ષમા તો એ સંજય ગાંધીનગર ખાતે વિશાળ સામ્રાજય ધરાવતા બિલ્ડિંગ કન્સ્ટ્રકશન ગ્રુપનો એકટીવ પાર્ટનર છે.વાત પૂરી કરતાં એની આંખો ભરાઇ આવી...મારીજ ઓફિસ માં બેસીને મને ચા ના પૈસા પણ આપવા ના દિધા અને બોલ્યો ..સાહેબ એ સમય હતો સરકાર અમને સિવિલ એન્જિનિયરને નોકરી માટે ચાન્સ પણ આપતી ન હતી. કંપનીઓ તો ઓળખાણ વગર પગ પણ ના મૂકવા દે.. ..આજે મારી જોડે ઘણા બધા નોકરી કરે છે. આજે ચાર લોકો વચ્ચે મારી ઓળખ બની છે.જાહોજહાલી છે...પણ જો એ દિવસે અજાણ્યા માજીએ ઉલટી કરીને મારા કપડાં પણ બગાડી નાખ્યા હતા તેની ચિંતા કરી હોત તો.......માત્ર એટલાજ એક જોડી સારા કપડાં હતા મારી પાસે ....સમય કયારે આવે એ નક્કી નથી.... ઉપરવાળો જ તક આપે છે એ નક્કી!!!!..

ધન્ય થઈ ગયો હું પણ, આવડા મોટા વ્યક્તિની સફળતાની તકનો ભેદ જાણીને...

"ઈશ્વર આપણી સાથે છે, એનું સૌથી મોટું પ્રમાણ એ છે કે આપણું ધારેલું બધું થતું નથી, પણ જે આપણા હિત અને ભલામાં હોય એજ જેની કૃપાથી થાય છે.. એજ ઈશ્વર "

# WHY KHADAYATA RATNA ?

*K**CBF – Konnect eBulletin Team** has introduced the column of **"Khadayata Ratna"** since last almost a year. During this period the eBulletin Team has tried to bring before its readers the highlights of prominent Khadayatas who have contributed substantially during their life span – in their respective profession, society and to Khadayata community in particular. The objective is clear – to highlight our own community people who can act as the **"Role Model"** for current as well as future generation/s.*

*There are almost eight billion humans (7.9) on our planet. They are spread over different continents and countries. E.g., in India we have 1.3 billion people. They further get divided in to states – like Maharashtra, Gujarat, Uttar Pradesh etc. further into Districts like Sabarkantha, Aravalli etc. Within this further classification into different communities – like Khadayatas, Kshatriyas, Brahmins etc.*

*If you observe, in order to acknowledge the people for their contribution to the SOCIETY they serve they are acknowledged from time to time. E.g., **Internationally it's NOBEL PRIZE –** in all different categories. **Bharat Ratna, Padma Bhushan, Padma Vibhushan at National level.** Similarly, there are different awards in other fields like Film Industry, Literature, Army, Sports, Police etc. the objective being not just to acknowledge their contribution but to also provide the present and future generations to take lead from their life and to act as role model. E.g. Sachin Tendulkar – could be a role model for many budding cricketers. Lata Mangeshkar, Akshay Kumar in film industry, Swami Vivekanand, Swami Chinmayanand in spirituality etc.*

*It is with this objective we decided to provide brief profile, achievements and contributions of the prominent Khadayatas in our monthly bulletin. The name/s are approved by the majority consensus. One of the objectives of the KCBF is to also try and hold our community together at a time when the social structures and joint family systems are getting disintegrated and replaced by nucleus family units – whereas Western countries are increasingly appreciating and turning to Indian culture.*

*We would be glad to receive the names and write-ups of such prominent Khadayatas for coverage in forthcoming issues.*

***Editorial Team:*** *Mr. Premal Parikh | Mr. Nainesh Shah | Dr. Jignesh Bhalavat | CA Jigar Shah | Ms. Pratibha Shah*
***Release Date:*** *First Week of Every Month;* ***Frequency:*** *Monthly*
*Please send in your article / content before the 25th of the preceding month to be published in the ebulletin*
***Email: info@khadayatabusinessnetwork.com • WhatsApp: 9820999056 | 9821138471 | 9820395856***

***Note: We, at KCBF, have decided to publish profile of each life members and hence requested them to share details about their Business / Professional / Service etc including family in their own words (150/175). We also thought to introduce a renowned Khadayata under "Khadayata Ratna" - A person of eminence from Khadayata community who can be Businessman / Professional or Service at highest position from any field. It's a prerogative of KCBF Admin Committee from the name suggested and/or forwarded to KCBF. The honour given is based on individual's contribution to profession, community and society at large. The award carries no material/monetary medal or certificate but the basic objective is to bring to light our own people as role model for current and future generation of our community.***


***Disclaimer:*** *KCBF has compiled this ebulletin with care. However, KCBF, its editorial team or the admin committee (hereafter called as "The Publishers") does not warrant that information in this ebulletin is free of errors. The Publishers also does not necessarily agree with or endorse any statement or opinion either in the editorial material or advertisements in this ebulletin and the use of any information in this ebulletin is entirely at the risk of the reader / user.*

# ADMIN COMMITTEE


**Ms Lata Shah** President


**Ms Hiral Shah** Vice President


**CA Narendra Shah** Secretary


**Ms Pratibha Shah** Secretary



**Ms Hemmali Nadiyana** Joint Secretary


**Ms Purvi Bhalavat** Treasurer


**Mr Hardik Nadiyana** Joint Treasurer


**Mr Jayesh Shah** Committee Member


**Mr Nainesh Shah** Committee Member



**Ms Monica Shah** Committee Member


**Mr Premal Parikh** Committee Member


**Dr CA Chaitanya S Shah** Committee Member


**Mr Ketul Shah** Committee Member


**Mr Rajiv Patwa** Committee Member


**Ms Rutvi Shah** Committee Member


**Ms. Deena Shah** Committee Member


**CA Jigar Shah** Auditor


**CS Vaibhavi Shah** Company Secretary


**Dr Rajendra L Bhalavat** Director


**Mr Akshay Vani** Director


**Mr Sandeep Shah** Director


**Dr Jignesh Bhalavat** Director & Vice President


**Mr Navin Mehta** Advisory


**Mr Paresh D. Shah** Advisory


**Mr Dilip M. Shah** Advisory


**Mr. Yogesh K Shah** Advisory


**CA Nitesh Shah** Advisory